# છોટાઉદેપુરમાં નવ ઈંચથી વધુ વરસાદ

## ક્વાંટમાં સાત અને પાવીજેતપુરમાં પાંચ ઇંચથી વધુ વરસાદ : દાહોદમાં ભારે વરસાદના પરિણામે જનજીવન ઠપ થયું : છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં પાંચ દિવસ ભારે વરસાદ પડશે

અમદાવાદ, તા.૮

દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારો, ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના પણ કેટલાક જિલ્લાઓમાં આજે અતિભારે વરસાદ જારી રહ્યો હતો. ભારે વરસાદના કારણે જનજીવન ઉપર માઠી અસર થઈ હતી. જો કે, આજે છોટાઉદેપુરમાં ભારે વરસાદના કારણે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. છોટાઉદેપુરમાં નવ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી જતાં હાલત કફોડી બની ગઈ હતી. છોટાઉદેપુરમાં નવ ઈંચથી વધુ વરસાદ થતાં ઘરોમાં પણ પાણી ઘુસી ગયા હતા. લોકોને લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી હતી. બીજી બાજુ ક્વાંટમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. નર્મદાના અનેક વિસ્તારોમાં પણ વધારે વરસાદ થયો હતો. આ ઉપરાંત પાવીજેતપુરમાં પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. દાહોદના જુદા જુદા વિસ્તારોમાં પણ અતિભારે વરસાદ પડ્યો છે.






હવામાન વિભાગે ભારેથી અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખી છે. પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદમાં હજુ પણ અતિભારે વરસાદ પડવાની ચેતવણી અપાઈ છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જેમાં અમદાવાદમાં પણ આવતીકાલે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થતા વાતાવરણમાં પલ્ટો આવશે. વરસાદની આગાહીના પગલે તંત્ર દ્વારા એનડીઆરએફની ૧૭ ટીમો અલગ-અલગ વિસ્તારોમાં તહૈનાત કરવામાં આવી છે. તો, વડોદરામાં પણ જિલ્લા વહીવટી તંત્રએ એલર્ટના આદેશો જારી કરી દીધા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, દક્ષિણ ગુજરાત તેમજ બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ, દક્ષિણ છત્તીસગઢ અને દક્ષિણ ઓડિશામાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય બની છે. આ વરસાદી સિસ્ટમથી આજથી ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાનો છે. આજથી આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિત રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. તો આવતીકાલે અમદાવાદ સહિતના વિસ્તારોમાં પણ ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આ જ પ્રકારે ચારથી પાંચ દિવસ દરમ્યાન વડોદરા, સુરત, નર્મદા, ભરૂચ સહિતના વિસ્તારોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો તા.૧૦મીએ સમગ્ર સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. બીજી તરફ પૂરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ કામગીરી માટે એનડીઆરએફની ૧૭ ટીમો સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. દરમ્યાન ગુજરાતમાં ગત વર્ષની સરખામણીમાં સીઝનનો સરેરાશ ૬૩.૩૮ ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ જિલ્લાઓના ૮૪ તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ છોટાઉદેપુરના ક્વાંટમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ વાગ્યેથી ૧૦ વાગ્યા સુધીમાં લીમખેડામાં ૪૦મિમી, ક્વાંટમાં ૩૨મિમી, છોટાઉદેપુરમાં ૨૯મિમી, ધાનપુરમાં ૨૯મિમી, ગોધરામાં ૨૭મિમી અને દેવગઢ બારિયામાં ૨૪મિમી વરસાદ નોંધાયો છે.

## હિંમતનગરના વોર્ડ નં. ૭માં ગાયનો આંતક રસ્તે નીકળતા લોકોને શિંગડે ચઢાવે છે

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના વોર્ડ નં. ૭ના છાપરીયા વિસ્તારમાં છેલ્લા એક અઠવાડીયાથી રખડતી પાંચ ગાયો આંતક ફેલાવીને આ વિસ્તારના લોકોને ભયભીત કરી દીધા હોવા છતાં આ વિસ્તારના કોર્પોરેટર અને નગરપાલિકાના સત્તાધીશોને પ્રજાની સલામતીની કઈ પડી ના હોય તેમ આ વિસ્તારના લોકો માની રહ્યા છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ વોર્ડ નં. ૭ના છાપરીયા વિસ્તારમાં આવેલ રાધે સ્વીટમાર્ટ રોડ પર છેલ્લા એક અઠવાડીયાથી પાંચ રખડતી ગાયોના ઝુંડને લીધે લોકો ભયભીત બની ગયા છે. આ પાંચ ગાયો પૈકી એક કાળા રંગની ગાય જાણે કે માનસિક સંતુલન ગુમાવી દીધુ હોય તેમ આ રસ્તેથી નીકળતા લોકોને જોઈ દોડીને શિંગડે ચઢાવી જમીન પર પટકી દે છે. જેના લીધે બે થી વધુ લોકોને ઈજા થઈ હોવાનું આ વિસ્તારના લોકોનું કહેવું છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વોર્ડ નં. ૭ના કોર્પોરેટરોને કેમ કઈજ ખબર નથી તે સમજાતુ નથી. લોકોનું કહેવું છે કે નગરપાલિકા પણ જાણે કે પ્રજાની સલામતીની ચિંતા કરતી નથી.

ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં આવેલી અંગ્રેજી માધ્યમની બે સ્કૂલોમાં રોજબરોજ નાના ભુલકાઓ આવે છે. ત્યારે જો આ ગાયો આવા નાના ભુલકાઓને જોઈ ભડકીને તેમને નિશાન બનાવી ઈજા પહોંચાડે તે પહેલા નગરપાલિકાએ આ ગાયોને પકડી ઢોર ડબ્બામાં કેદ કરી લેવી જોઈએ.

ઉપરાંત નગરપાલિકા દ્વારા સુશાસન વહીવટના બણગા ફુંકવામાં આવે છે ત્યારે સત્તાવાળાઓએ રોજબરોજ અને ખાસ કરીને ચોમાસામાં શહેરના અનેક વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર ગાયોના અતિક્રમણને રોકવા માટે કાર્યવાહી કરવાની જરૂર છે. અને શહેરમાં જે પશુપાલકો ગાયો અથવા અન્ય પશુઓને ઘરે બાંધી રાખવાને બદલે બજારમાં છોડી મુકે છે. તેવા પશુપાલકો સામે સખ્ત કાર્યવાહી કરવી જોઈએ તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ની ઉજવણી મેડિકલ ઓફિસર ડૉ. ધ્વનિ મેવાડા તેમજ તમામ સ્ટાફ અર્બન હેલ્થ સેન્ટર માણસા દ્વારા તમામ શાળા,આંગણવાડી માં ૧થી૧૯ વર્ષ ના ૧૧૬૫૭ બાળકોને કૃમિનાશક ગોળી આપી તેમજ તેના ફાયદા વિશે જાણકારી આપી હતી.

## સાબરકાંઠામાં વાદળોની હાજરી છતાં વરસાદ ન વરસતા નિરાશા

### હવામાન વિભાગની આગાહી ઠગારી નિવડી રહી હોવાનો અહેસાસ

હિંમતનગર, તા. ૮

આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ચોમાસુ બહુ બરકતવાળુ રહ્યું નથી જોકે જિલ્લાના કેટલેક ઠેકાણે ડિઝાસ્ટર વિભાગના દાવા મુજબ ૫૦ ટકાથી વધુ વરસાદ પડી ચૂકયો છે. તેમ છતાં આવા વિસ્તારોમાં હજુ તળાવો કે ચેકડેમો ભરાયા નથી. તો બીજી તરફ ચોમાસામાં પડેલા ઓછા વરસાદને લઈને અત્યારથી જ શિયાળુ પાકના વાવેતર પર પ્રશ્નાર્થ મુકાઈ રહ્યા છે. દરમ્યાન છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠાના વિવિધ વિસ્તારોમાં વરસાદના સામાન્ય છાંટા પડ્યાના અહેવાલ સાંપડી રહ્યા છે.

ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ પોશીનામાં ૯, ઈડરમાં ૬, વડાલીમાં ૪, ખેડબ્રહ્મામાં ૨ જ્યારે હિંમતનગર અને પ્રાંતિજ ફક્ત ૧ મીમી વરસાદ પડ્યો હતો તથા તલોદ અને વિજયનગર તાલુકો સાવ કોરોધાકોર રહેવા પામ્યો છે. ઉત્તર ગુજરાત સહીત ગુજરાતના અન્ય સ્થળે ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી વચ્ચે ગુરૂવારે સાબરકાંઠામાં કેટલાક સ્થળે વહેલી સવારે વરસાદના સામાન્ય છાંટા પડ્યા હતા.

પરંતુ સૂર્યોદય બાદ હિંમતનગર સહીત અન્ય સ્થળે આકાશમાં વાદળો હોવા છતાં બપોર સુધી ક્યાય વરસાદ પડ્યો નથી. જેના લીધે વાતાવરણ ભલે ઠંડુ રહેતુ હોય પણ જો પંખા કે ઠંડકના અન્ય સાધનોનો ઉપયોગ ન કરવામાં આવે તો તરત જ બાફ અને ઉકળાટનો અનુભવ થયા વિના રહેતો નથી. જિલ્લામાં અત્યાર સુધી પડેલા વરસાદને લીધે ચોમાસુ પાકને ફાયદો થયો છે. તેમ છતાં વર્ષોથી અતૃપ્ત સાબરકાંઠાની ધરા ખુબજ તરસી હોવાને કારણે વરસાદ પડે તો તે પાણી તરત જ જમીનમાં શોષાઈ જાય છે. જેના લીધે પાકને પણ જોઈતો ભેજ ખુબજ ઓછો મળે છે. આ વર્ષે જિલ્લામાં મોડા શરૂ થયેલા ચોમાસા બાદ કેટલાક સ્થળે વરસાદની એવી ધમાકેદાર એન્ટ્રી ન થવાને કારણે જિલ્લામાં આવેલા મોટા ડેમ તથા ગ્રામ્ય વિસ્તારના તળાવો હજુ પણ ખાલીખમ છે. જેના લીધે આગામી દિવસોમાં પીવાની તથા સિંચાઈ માટેના પાણી અંગે કકળાટ થવાની શક્યતા નકારી શકાતી નથી.

## મેઘરજના ઉંડવા નજીકથી પીકઅપ ડાલામાં કતલખાને લઈ જવાતા ૬ પશુઓને મેઘરજ પોલીસે બચાવ્યા

ગુજરાત-રાજસ્થાનને અડીને આવેલા ઉંડવા પાસેથી રાત્રીના અંધારાનો લાભ લઈ પીકઅપ ડાલામાં પશુઓ ભરી કતલખાને લઈ જવાઈ રહ્યા હોવાની બાતમી મળતા મેઘરજ પોલીસે નાકાબંધી કરી હતી પીકઅપડાલાના ચાલકે પીકઅપ ડાલુ ઉભી રાખવાના બદલે પુરઝડપે હંકારી મુકતા પોલીસે પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા પીકઅપ ડાલાનો ચાલક પીકઅપ ડાલુ રોડ પર ચાલક ફરાર થઈ જતા પીકઅપ ડાલા માંથી ૬ પશુઓ મળી આવ્યા હતા મેઘરજ પોલીસે કતલખાને લઈ જવાતા ૬ પશુઓ સહીત ૪.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મેઘરજ પીએસઆઈ પી.ડી.રાઠોડ અને તેમની ટીમે મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં રાજસ્થાન તરફ થી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. બાતમી આધારિત પીકઅપ ડાલુ (ગાડી.નં. જીજે.૦૬.એક્ષએક્ષ.૩૨૮૧)ના ચાલકે ગેરકાયદેસર કતલખાને લઈ જવા પશુઓ ભરી પસાર થતા પોલીસે અટકાવવાનો પ્રયત્ન કરતા પીકઅપ ડાલુ ઉભી નહિ રાખતા મેઘરજ પોલીસે પીછો કરતા પીકઅપ ડાલુ મૂકી ચાલક ફરાર થઈ જતા પોલીસે પીકઅપ ડાલામાંથી ખીચોખીચ હલન ચલન ન થઈ શકે તેરીતે મરણતોલ હાલતમાં દોરડા વડે બાંધી રાખેલા ૬ પાડા ને કતલખાને પહોંચે તે પહેલા બચાવી પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા હતા. પીકઅપ ડાલામાંથી પાડા નંગ- ૬ ૩૦૦૦૦ પીકઅપ ડાલાની ૪૫૦૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## દહેગામના વટવા ગામમાંથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વટવા ગામની સીમમાં રોઝડાનો શિકાર કરવા માટે બંદુક લઈને ફરતા એક ડફેરને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડ્યો છે. પોલીસે આરોપી સામે આર્મસ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી ટીમના પીએસઆઈ પી.ડી.વાઘેલા અને વાય.જે.રાઠોડ તેમજ હે.કો.કિરીટકુમાર, રાજેન્દ્રસિંહ, કેવલસિંહ સહિતના સ્ટાફ સાથે દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે વટવાગામની સીમમાં વાટલીયા વહેડા પાસે એક ડફેર રોઝડાનો શિકાર કરવા માટે ગેરકાયદેસર બંદુક સાથે ફરી રહ્યો છે. જેને પગલે પોલીસે વાટલીયા વહેડા પાસેથી સવા બે ફુટની લાકડાના હાથાવાળી બંદુક સાથે ઉમરભાઈ ગફારભાઈ સિંધી (ડફેર) ( રહે.વિજાપુર રેલ્વે ફાટકનજીક સલાટવાડ સિંધી ઝુંપડપટ્ટી તા.વિજાપુર જી.મહેસાણા) પકડી પાડી તેના સામે આર્મસ એકટની કલમ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પાલજમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે પાણીની ટાંકી તેમજ ઓવરહેડ સંપનુ પણ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ હજુ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ નથી. પાલજમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા અગાઉ પણ ગ્રામજનોએ પાટનગર યોજના વિભાગની કચેરીએ માટલા ફોડી વિરોધ વ્યકત કર્યો હતો. પાલજમાં પાણી ન આવતુ હોવાના મામલે પાટનગર યોજના વિભાગની કચેરીના અધિકારીઓ સમક્ષ ગ્રામજનોએ હોબાળો મચાવ્યો હતો. પાલજમાં પાણી ન આવતુ હોવાના મામલે પાણીની દાયકાઓ જુની લાઇન જવાબદાર હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. પાણીનો પ્રશ્ન ડામવા માટે તંત્ર દ્વારા પાણીની નવી લાઇન નાંખવા માટે આયોજન કરાયુ હતુ. જયારે હાલ પાલજમાં અંદાજિત ૮૦ એમ એમ ની લાઇન છે. જે અત્યંત જુની અને કટાયેલી હાલતમાં છે. જેના લીધે ગામના કેટલાક ભાગોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો વધી છે. આ સ્થિતિનો તંત્ર દ્વારા પણ અગાઉ અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના અંતે પાલજ ગામમાં નવી પાણીની લાઇન નાંખવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં નવી લાઇન નાંખવા માટે કામગીરી હાથ ધરાશે. જેના અંતે ગામનો કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા પણ હલ થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### જુની મશીનરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પમ્પીંગ સ્ટેશનના પમ્પ પણ ૧૮૦ હોર્સ પાવરના છે. જયારે હાલ સમય મુજબ ૬૦૦ હોર્સ પાવર સુધીના પમ્પનો ઉપયોગ થાય તેવી આધુનિક અને સક્ષમ મશીનરી સપ્લાય માટે અનિવાર્ય છે. આવા સંજોગોમાં મશીનરી બદલવી અનિવાર્ય છે. મશીનરી બદલવા માટે અંદાજિત ખર્ચ પણ રૂ ૫ કરોડ જેટલો થાય તેમ છે. ત્યારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના વેળાએ મશીનરી નવી નાંખવાનુ આયોજન છે. પરંતુ હાલ ઉઠતી ફરિયાદોને ડામવા માટે પમ્પીંગ સ્ટેશનની નવી મશીનરીનુ કામ પુર્વ આયોજનના ભાગરૂપે હાથ ધરાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

### સ્પર્ધાઓ યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડ, પંચાયત પ્રમુખ મંગુબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મળેલ આ બેઠકમાં જિલ્લાની રાજકીય સ્થિતિ અંગે ચર્ચા કરી આગામી પંચાયોતની ચૂંટણી માટે સજ્જ થવા હાંકલ કરવામાં આવી હતી. સંગઠ્ઠનના મજબુતીકરણ માટે પણ ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં પ્રજાભિમુખ વહીવટીતંત્ર કોંગ્રેસ હસ્તકના સત્તામંડળોમાં બને તેના પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

પ્રદેશ મંત્રીઓ સર્વ જયદીપસિંહ ઠાકોર, પંકજભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, ભાવિનસિંહ ઠાકોર, કિર્તિબેન પટેલ, ગીતાબેન પટેલ, એલ.એન. પરમાર, જગતસિંહ ઝાલા, નરેશભાઈ ઠાકોર, ભુપેન્દ્રસિંહ રાઠોડ, જીતેન્દ્રસિંહ સોલંકી, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખો સર્વ જગતસિંહ ચૌહાણ, ગિરવતસિંહ ચાવડા, પ્રવિણસિંહ ઠાકોર, બેચરજી ઠાકોર, શિવરામભાઈ ચૌધરી, દિનેશજી ઠાકોર, જીતેન્દ્રભાઈ પટેલ, જગતસિંહ ઝાલા, સુમનભાઈ મકવાણા સહિતના અગ્રણીઓ તેમજ મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદારો અને ચૂંટાયેલી પાંખના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### મહિલાનુ મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન તેમણે આ હુમલો જોતાં બચાવવાનો પ્રયાસ કર્યો હતો. સવારે નવ વાગ્યે બનેલ આ ઘટનાની જાણ ગ્રામજનોને થતાં ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાઈ હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનુ મોત થયુ હતુ.

### હળવે હૈયે

● ચોથા પાનાનું ચાલુ

ભક્તિની ભક્તિ, એક્સરસાઈઝની એકસરસાઈઝ અને આનંદનો આનંદ... પણ હવે બધું છોડોને ચાલો મારી સાથે...'

'કયાં, અંકલ ?' અમે પૂછ્યું.

'શ્રાવણ માસ છે તે પહેલાં તો તમારી અંકલી - સોરી કાકીની કડક સૂચના મુજબ મહાદેવજીના દર્શન કરવા અને ત્યાંથી પછી દાળવડાની લારીએ...'

'હેં ? દાળવડાની લારીએ ? કેમ ?'

'દાળવડાની લારીએ કોઈ શું કામ જાય... દાળવડા ખાવા સ્તો...' અમારા પ્રશ્નોથી એકળાયેલા અંકલે ચીડાઈને કહ્યું...

'તે એ પણ કાકીની સૂચના છે ?'

'ના... હવે તારી કાકીના કહેવાથી શ્રાવણ મહિનામાં એક ટાણાં કરવાનાં અને મહાદેવ જવાનું... પણ મારાથી ભૂખ્યા નથી રહેવાતું એટલે બહાર નાસ્તો કરવા મારી મરજીથી જાઉં છું...'

લાલાકાકાએ ઘટસ્ફોટ કર્યો...

'મરજી ય તમારી અને જોખમે ય તમારું જ ને... કાકા?' અમારાથી બોલાઈ ગયું.

'જોખમ ન થાય એટલે તો નાસ્તો કરવા જતાં તમારા જેવા કોઈકને સાથે રાખું છું...'

'એટલે ?'

'કોઈ દોઢડાહ્યો થઈ, તારી અંકલીને ચાડી ખાય તો કહેવાય ને કે નાસ્તો તો પનુભાઈને કે મનુભાઈને કરવો હતો. હું તો એમની સથે ખાલી એમને કંપની આપવા ત્યાં ગયો હતો !' રેડ અંકલે લુચ્ચુ હસતાં જણાવ્યું...

'પણ ચાડી કરનાર કાકીને કહે કે અંકલને ખાતા જોયા હતા, તો ?'

'તો તમે શું કામના, હેં ?' તમારે સજ્જડ પુરાવો આપવાનો કે કાકા ખાલી ઊભા ઊભા હવા ખાતા હતા... દાળવડા નહીં, સમજ્યા ? ચાલો હવે, બહુ બૂખ લાગી છે...' અંકલે અમારો હાથ ખેંચતા કહ્યું ને અમને વગર ભૂખે ચક્કર ચઢ્યા !!

### સેવા રોકી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરત આવનાર હતી. આમા અનેક લોકો ફસાઈ ગયા હતા. પાકિસ્તાને ભારતની સરહદ ઉપર પોતાના ગાર્ડ અને ડ્રાઈવરને મોકલવાનો ઈન્કાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, ભારત પોતાના ડ્રાઈવર અને ગાર્ડ મોકલે તે જરૂરી છે. પાકિસ્તાનની આ હરકતના કારણે ટ્રેનમાં રહેલા યાત્રી અસમંજસની સ્થિતિમાં મુકાયા હતા. આ પહેલા પાકિસ્તાને બાલાકોટમાં ભારતે હવાઈ હુમલા કર્યા બાદ સમજોતા એક્સપ્રેસ ટ્રેન રોકી દીધી હતી. જો કે, ચોથી માર્ચના દિવસે આ ટ્રેન ફરી શરૂ કરવામાં આવી હતી. પાકિસ્તાને સુરક્ષાના કારણોસર આ ટ્રેનને અટારી લાવવામાં અસમર્થતા દર્શાવી હતી. સમજોતા એક્સપ્રેસ ટ્રેન સપ્તાહમાં બે દિવસ દિલ્હીથી અટારી વચ્ચે પાકિસ્તાન પાકિસ્તાનના લાહોર વચ્ચે દોડે છે. લાહોરથી સોમવાર અને બુધવારે રવાના થાય છે. શિમલા સમજૂતિ બાદ ૨૨મી જુલાઈ ૧૯૭૬ના દિવસે આ ટ્રેન શરૂ કરાઈ હતી. પાકિસ્તાન દ્વારા ભારતીય ફિલ્મો ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાને એકપછી એક નિર્ણય કરવાની શરૂઆત કરી છે. હેવ પાકિસ્તાને પોતાના એરસ્પેસના એક કોરિડોરને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે વિદેશી ઉડાણોને હવે ૧૨ મિનિટનો વધારાનો સમય લાગશે. પાકિસ્તાન હાલમાં ભારે પરેશાન દેખાઈ રહ્યુ છે. તે મજબુર પણ છે. આ પ્રકારના નિર્ણય કરીને તેને કોઈ ફાયદો થનાર નથી. પાકિસ્તાની એરસ્પેસ પરથી ઈર ઈન્ડિયાની દરરોજ ૫૦ ફ્લાઈટ પસાર થાય છે. જો કે ભારતે કહ્યુ છે કે આના કારણે કોઈ વધારે અસર થનાર નથી.

### જનજીવન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સલાહકાર અજિત દોભાલને સોંપવામાં આવી છે. બુધવારના દિવસે દોભાલ કાશ્મીરની શેરિઓમાં ફરતા નજરે પડ્યા હતા. ત્રાસવાદથી પ્રભાવિત એવા શોપિયન વિસ્તારમાં તેઓ સામાન્ય લોકોની સાથે ફરતા દેખાયા હતા. બિરયાની ખાતા પણ નજરે પડ્યા હતા. દોભાલે સામાન્ય લોકોને એવી માહિતી આપવાના પ્રયાસ પણ કર્યા હતા કે કલમ ૩૭૦ની નાબુદી રાજ્યના લોકોના વ્યાપક હિતમાં લેવામાં આવ્યા છે. તેમને આ નિર્ણયને લઇને ચિંતા કરવાની કોઇ જરૂર નથી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરની સ્થિતી પર કેન્દ્ર સરકારની બાજ નજર રહેલી છે. સાથે સાથે ખીણ અને દક્ષિણ કાશ્મીરના લોકોના મુડને સમજી લેવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા માટેના પણ તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૧૨મી ઓગષ્ટના દિવસે આવનાર ઈદ ઉલ અજહા અને શુક્રવારના દિવસે નમાજને ધ્યાનમાં લઈને પણ સંચારબંધીમાં રાહત આપવામાં આવી શકે છે. કલમ ૩૭૦ની નાબુદી બાદ પ્રથમ વખત ખીણમાં આ પ્રસંગ રહેશે જ્યારે વહીવટીતંત્ર અને કેન્દ્ર સરકાર કાશ્મીરી લોકોની પ્રતિક્રિયાને જાણવા માટે પ્રયાસ કરશે. કાશ્મીરી લોકોના મુડ કેવા છે તે જાણવા માટેના પ્રયાસ થશે. તમામ જવાબદારી હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ સંભાળી રહ્યા છે.કાશ્મીરમાં હાલમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. ખીણમાં સુરક્ષા અભૂતપૂર્વ રાખવામાં આવી છે.

### હાઈએલર્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિભાગોને એલર્ટ રહેવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. નાગરિક ઉડ્ડયન સેક્ટરને સતત ધમકી મળી રહી છે ત્યારે તમામ જરૂરિ પગલા લેવામાં આવી રહ્યા છે. એરપોર્ટ, એરસ્ટ્રાઈપ, એરફિલ્ડ અને એરપોર્ટ સ્ટેશન, હેલિપેડ, પ્લાઈંગ સ્કુલો સહિત તમામ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. તમામ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. ઉડ્ડયન વિસ્તારોની આસપાસ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા વ્યવસ્થાને ખુબ મજબુત કરવામાં આવી રહી છે. ટર્મિનલ બિલ્ડિંગની સામે કોઈ વાહનોને પાર્ક કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. લોકલ પોલીસ પણ સુરક્ષામાં સાથે આવી રહી છે. પેસેન્જરોની સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. કાર્ગો ટર્મિનલ ખાતે પણ વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. એન્ટી ટેરર પગલા લેવામાં આવી રહ્યા છે. ટર્મિનલ બિલ્ડિંગમાં સુરક્ષા સાથે સંબંધિત પગલા વધારે તીવ્ર કરાયા છે. તમામ વિમાની મથકો માટે જરૂરી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. રેગ્યુલેટરી ગાઈડલાઈન્સ જારી કરવામાં આવી છે. જે તમામ માટે લાગૂ પડશે. તમામ વિમાની મથકો ઉપર તમામ ફ્લાઈટોની સેકન્ડરી લેડર પોઈન્ટ ચેકિંગ ફરજિયાત બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત તમામ વિમાની મથકો ઉપર ક્યુઆરટીની ગોઠવણી અને આતંકવાદ વિરોધી પગલા વધુ મજબૂત કરાયા છે. મળેલી માહિતી મુજબ જૈશના ત્રાસવાદી ઈબ્રાહિમ અસગર દ્વારા આત્મઘાતી હુમલા કરવા માટેની યોજના તૈયાર કરવામાં આવી છે.

### વિકાસથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હટી જવાથી દેશના અન્ય રાજ્યોમાં લોકો અને સરકારી કર્મચારીઓને જે લાભ મળે છે તે હવે જમ્મુ-કાશ્મીરની જનતાને પણ મળશે.. પીએમ મોદીએ રોજગારીની તકો વધવાનો દાવો કરતા કહ્યું કે કેન્દ્રની સાર્વજનીક કંપનીઓ અને ખાનગી સેક્ટરની કંપનીઓને પણ રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. વહેલામાં વહેલી તકે જમ્મુ-કાશ્મીર અને લદાખમાં કેન્દ્ર તથા રાજ્યમાં ખાલી રહેલા પદો ભરવાની પ્રક્રિયા શરૂ થશે. જેના કારણે સ્થાનિક યુવાનોને રોજગારની તકો પ્રાપ્ત થશે. જમ્મુ-કાશ્મીર તંત્રમાં એક નવી કાર્ય સંસ્કૃતિ લાવવા,, પારદર્શિતા લાવાવનો પ્રયાસ કરાયો છે.. જેનું પરિણામ છે કે આઈઆઈટી,આઈઆઈએમ,પાવર પ્રોજેટસ અથવા એન્ટી કરપ્શન બ્યૂરોના કામમાં પ્રગતિ થશે.

પીએમ મોદીએ જણાવ્યું કે લદાખ કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે યથાવત રહેશે. જ્યારે કે સ્થિતિ સુધર્યા બાદ જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્ય બનાવવામાં આવશે. જેવી રીતે જમ્મુ-કાશ્મીરમાં પંચાયત ચૂંટણીઓ પારદર્શિતા સાથે થઈ તેવી જ રીતે વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે. પીએમ મોદીએ જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલને આગ્રહ કર્યો કે તેઓ બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના કરે કે જે છેલ્લા બે-ત્રણ દાયકાથી પેન્ડિંગ છે. તેને પૂર્ણ કરવાનું કામ વહેલી તકે કરવામાં આવે. પીએમ મોદીએ આશા વ્યક્ત કરી કે જમ્મુ-કાશ્મીરની જનતા ભાગલાવાદને પરાસ્ત કરીને નવી આશાઓ સાથે આગળ વધશે. ગુડ ગવર્નેન્સ અને પારદર્શિતાના વાતાવરણમાં નવા ઉત્સાહની સાથે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરશે.